પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૮૨ ૨ જુન, ૨૦૨૨, ગુરૂવાર; જયેષ્ઠ સુદ - ૩ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# કોમર્શિયલ સિલિન્ડરમાં ૧૩૫નો ઘટાડો

## એલપીજી સિલિન્ડર ગ્રાહકોને કોઇ રાહત નહીં : ઘરેલુ સિલિન્ડરના ભાવમાં કોઈ ઘટાડો થયો નથી, તેઓ જુના ભાવે જ મળતા રહેશે

નવી દિલ્હી,તા.૧

એલપીજી સિલિન્ડરના નવા દરો જાહેર કરવામાં આવ્યા છે. આજે ઈન્ડેનનો સિલિન્ડર ૧૩૫ રુપિયા સસ્તો થયો છે. પેટ્રોલિયમ કંપની ઈન્ડિયન ઓઈલે કોમર્શિયલ સિલિન્ડરના દરમાં ઘટાડો જાહેર કર્યો છે જ્યારે ઘરેલુ એલપીજી સિલિન્ડર ગ્રાહકોને કોઈ રાહત મળી નથી. ૧૪.૨ કિલોનો ઘરેલું સિલિન્ડર ન તો સસ્તો થયો છે અને ન તો મોંઘો થયો છે. તે હજી પણ ૧૯મેના દરે ઉપલબ્ધ છે. ઉલ્લેખનીય છે કે કોર્મશિયલ સિલિન્ડરના ભાવમાં ૧૩૫ રુપિયાનો ઘટાડો જાહેર કરાયો છે પરંતુ ઘરેલુ સિલિન્ડરના ભાવમાં કોઈ ઘટાડો થયો નથી, તેઓ જુના



ભાવે જ મળતા રહેશે. જોકે આગામી સમયમાં રાહતની આશા છે. મે મહિનામાં ઘરેલુ એલપીજી સિલિન્ડરના ગ્રાહકોને બે વાર આંચકો લાગ્યો હતો. ૭ મેના રોજ એક મહિનામાં પ્રથમ વખત ઘરેલુ સિલિન્ડર (એલપીજી સિલિન્ડરની કિંમત આજે) ના દરોમાં ૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો અને ૧૯ મેના રોજ પણ ઘરેલું એલપીજી ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો કરવામાં આવ્યો હતો. ૧૯ કિલોના સિલિન્ડર પર આજે એટલે કે ૧ જૂનના રોજ ૧૩૫ રૂપિયા સુધીની સીધી રાહત મળી છે. હવે ૧૯ કિલોનો સિલિન્ડર દિલ્હીમાં ૨૩૫૪ના બદલે ૨૨૧૯ રૂપિયા, કોલકાતામાં ૨૪૫૪ને બદલે ૨૩૨૨, મુંબઈમાં ૨૩૦૬ના બદલે ૨૧૭૧.૫૦ રૂપિયા અને ચેન્નઈમાં ૨૫૦૭ના બદલે ૨૩૭૩ રૂપિયામાં વેચાશે. ૧ મેના રોજ તેમાં લગભગ ૧૦૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. તે જ સમયે, માર્ચમાં ૧૯ કિલોના એલપીજી સિલિન્ડરની કિંમત દિલ્હીમાં માત્ર ૨૦૧૨ રૂપિયા હતી. ૧ એપ્રિલે તે વધીને ૨૨૫૩ રૂપિયા અને ૧ મેના રોજ વધીને ૨૩૫૫ રૂપિયા થઈ ગઈ. મોંઘવારીનો માર ઝેલી રહેલી જનતાને રાહત મળે તેવા સમાચાર આવ્યા છે. તાજેતરમાં પેટ્રોલ ડીઝલના ભાવમાં ટાડો થયા બાદ હવે એલપીજી સિલિન્ડરના ભાવમાં ઘટાડો થયો છે. પહેલી જૂનથી કંપનીઓ તરફથી નવા રેટ જાહેર કરવામાં આવ્યા છે. નવા રેટ મુજબ કમર્શિયલ સિલિન્ડર ૧૩૫ રૂપિયા સસ્તો થયો છે.

# મેમાં જીએસટી કલેક્શન ઘટીને રૂ. ૧.૪૧ લાખ કરોડ

**વર્ષની શાનદાર શરૂઆત સાથે ઈતિહાસનું રેકોર્ડ કલેક્શન દર્શાવ્યું હતું : એપ્રિલમાં કલેક્શન રૂ. ૧.૬૮ લાખ કરોડ હતું, જે અત્યાર સુધીનું સૌથી વધુ છે, માસિક જીએસટી કલેક્શન ચોથી વાર ૧.૪૦ લાખ કરોડને વટાવી ગયું**

નવી દિલ્હી, તા.૧

નવા નાણાંકીય વર્ષની શાનદાર શરૂઆત સાથે ઈતિહાસનું સૌથી રેકોર્ડ કલેક્શન દર્શાવ્યા બાદ મે, ૨૦૨૨ના વર્ષમાં જીએસટી કલેક્શન માસિક દ્રષ્ટિએ ૧૬% ઘટ્યું છે. ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) કલેક્શન મે મહિનામાં માસિક ધોરણે ૧૬ ટકા ઘટીને રૂ. ૧.૪૧ લાખ કરોડ થયું છે. ગયા મહિને એટલે કે એપ્રિલમાં જીએસટી કલેક્શન રૂ. ૧.૬૮ લાખ કરોડ હતું, જે અત્યાર સુધીનું સૌથી વધુ છે.

નાણા મંત્રાલયે મંગળવારે જાહેર કરેલા આંકડામાં માહિતી આપી કે મે ૨૦૨૧ની સરખામણીએ આ વર્ષે મે મહિનામાં જીએસટી કલેક્શનમાં ૪૪ ટકાનો વધારો થયો છે. મે મહિનામાં કલેક્શન હંમેશા એપ્રિલ મહિના કરતાં ઓછું નોંધાયું છે. એપ્રિલ મહિનો નાણાકીય વર્ષની શરૂઆત દર્શાવે છે અને મે મહિના માટેનું કલેક્શન એપ્રિલ મહિનાના રિટર્ન સાથે જોડાયેલું છે, નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું. મે મહિનાના કુલ જીએસટી કલેક્શનમાંથી સેન્ટ્રલ જીએસટીના રૂ. ૨૫,૦૩૬ કરોડ સ્ટેડ જીએસટીના રૂ. ૩૨,૦૦૧ કરોડ અને ઈંટીગ્રેટેડ જીએસટીના રૂ. ૭૩,૩૪૫ કરોડ રૂપિયા ઉપરાંત રૂ. ૧૦,૫૦૨ કરોડ કમ્પનસેશન સેસના છે. જોકે આઈએસજીટીમાંથી સરકારે સેન્ટ્રલ જીએસટીમાં રૂ. ૨૭,૯૨૪ કરોડ અને સ્ટેટ જીએસટીમાં રૂ. ૨૩,૧૨૩ કરોડ ચૂકવ્યા છે. આ રીતે સેટલમેન્ટ પછી મે મહિનામાં સેન્ટ્રલ જીએસટીનું કુલ કલેક્શન રૂ. ૫૨,૯૬૦ કરોડ અને સ્ટેટ જીએસટીનું કુલ કલેક્શન રૂ. ૫૫,૧૨૪ કરોડ હતું.

જુલાઈ ૨૦૧૭માં જીએસટી સિસ્ટમ લાગુ થયા બાદ આ ચોથી વખત છે જ્યારે માસિક જીએસટી કલેક્શન ૧.૪૦ લાખ કરોડ રૂપિયાને વટાવી ગયું છે.

# સોનિયા-રાહુલ ગાંધીને ઈડીના સમન્સ

**નેશનલ હેરાલ્ડ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની કાર્યવાહી : રાહુલ-સોનિયા ગાંધી પાસે આ કંપનીનો ૭૬ ટકા હિસ્સો છે જયારે બાકીના ૨૪ ટકા શેર મોતીલાલ વોરા પાસે છે**

નવી દિલ્હી, તા.૧

દેશમાં કાળી કમાઈથી પોતાની વ્યક્તિગત મિલકત ઉભી કરવાની કે હવાલા થકી નાણાની હેરફેર માટે તપાસ ચલાવતી સંસ્થા એન્ફોર્સમેન્ટ ડીરેક્ટોરેટે કોન્ગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી અને કોંગ્રેસના પૂર્વ પ્રમુખ રાહુલ ગાંધીને નિવેદન આપવા માટે સમન્સ પાઠવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. એક અહેવાલ અનુસાર નેશનલ હેરાલ્ડ કેસમાં બન્ને નેતાઓને આ સમન્સ પાઠવવામાં આવ્યું છે.



એક સમયે ઈન્દિરા ગાંધી અને પછી પી.વી નરસિમ્હા રાવ સરકારમાં કોંગ્રેસના મંત્રી રહી ચુકેલા અને હવે ભારતીય જનતા પાર્ટીના રાજ્યસભા સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ નેશનલ હેરાલ્ડ કેસમાં ગાંધી પરિવારે નાણાકીય ગેરરીતિ આચરી અંગત લાભ ઉઠાવ્યો હોવાની ફરિયાદ કરી છે અને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં કેસ પણ દાખલ કર્યો છે.

નેશનલ હેરાલ્ડ નામના અખબારની સ્થાપના પંડિત જવાહરલાલ નેહરૂ અને અન્ય સ્વાતંત્ર્ય સેનાનીઓએ વર્ષ ૧૯૩૮માં કરી હતી. આ અખબારનું પ્રકાશન એસોસિએટેડ જર્નલ્સ લીમીટેડ દ્વારા કરવામાં આવતું હતું અને આઝાદી પછી તે કોંગ્રેસનું મુખપત્ર હતું.

રાહુલ ગાંધીએ યંગ ઈન્ડિયા લીમીટેડ નામની કંપનીની સ્થાપના કોંગ્રેસના જનરલ સેક્રેટરી પદે હતા ત્યારે વર્ષ ૨૦૧૦માં કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

અમદાવાદ તથા ઉ. ગુજરાતમાં ૬ આઉટલેટ ની ભવ્ય સફળતા બાદ
હવે PDPU Road, Raysan, ગાંધીનગરમાં લઈને આવી રહ્યા છે
બોમ્બે સ્ટાઈલ Fusion Vadapav અને Misal Pav નો અસલ સ્વાદ

ફ્રી* તા. ૦૨.૦૬.૨૦૨૨ના રોજ સવારે ૧૦.૦૦ વાગ્યા થી

જુગાડી સ્પોટ
JUGAADI SPOT
જુગાડી સ્પોટ
SABSE BADA JUGAADI KA VADA

ફ્રી* તા. ૦૨.૦૬.૨૦૨૨ના રોજ સવારે ૧૦.૦૦ વાગ્યા થી

આજે આઉટલેટના ઉદ્દઘાટન નિમીતે સર્વે ગાંધીનગરની જનતા માટે ફ્રી વડાપાવ...

| MENU | Vada | Samosa /Bhajiya | Jain Vada |
|---|---|---|---|
| Jumbo Vada Pav | 20 | 25 | 25 |
| VIP Vada Pav | 35 | 40 | 40 |
| Indi-Italia Vada Pav | 35 | 40 | 40 |
| Jantar Mantar Vada Pav | 35 | 40 | 40 |
| Vada Plate (2Pcs) | 25 | – | 30 |
| Samosa Plate (2Pcs) | – | 30 | – |
| Bhajiya Plate (50/100gm) | 20 | 35 | – |
| Chocolate Samosa Pav | – | 40 | – |
| Misal Pav | – | 50 | – |
| Tanduri Vada Pav | 25 | 30 | 30 |
| Schezwan Vada Pav | 25 | 30 | 30 |
| BBQ Vada Pav | 25 | 30 | 30 |
| Mayo Vada Pav | 25 | 30 | 30 |
| Jungli Vada Pav | 25 | 30 | 30 |
| Cheese Vada Pav | 25 | 30 | 30 |
| Peri Peri Vada Pav | 25 | 30 | 30 |
| Harrisa Vada Pav | 25 | 30 | 30 |
| Achari Mango Vada Pav | 25 | 30 | 30 |
| Godfather Vada Pav | 30 | 35 | 35 |
| Machayenge Vada Pav | 30 | 35 | 35 |
| Tangy Sunny Vada Pav | 30 | 35 | 35 |



-: ON GOING STORES :-
(1). Pakwam Cross Road +91 79844 97491
(2). New Ranip +91 96624 31449
(3). Nr. Zydus Hospital +91 7984807336
(4). Satellite +91 9924444132
(5). Kadi (North Gujarat) +91 6355718564
(6). Air Port Walkway +91 9909423799
OPENING SOON STORES AT :- New Chandkheda

Shop No. 4, Sunny Farm, Nr. Shagun 40, PDPU Road, Raysan, Gandhinagar.
For Orders +91 88499 41860

We accept bulk orders & Corporate Orders
We also do live catering,
customised snack boxes &
take bulk orders Available for Delivery

For Franchisee related Inquiry Call on
+91 99098 14220

Also Available